1. માનવજીવનની અર્થમયતા અંગે વિક્ટર ફ્રેક્લનું શું માનવું છે?

➢ માનવજીવનની અર્થમયતા અંગે અસ્તિત્વવાદી મનોવૈજ્ઞાનિક વિક્ટર ફ્રેક્લનું માનવું છે કે, "વ્યક્તિ પોતાનાં માનસિક બંધનોને તોડવાની અને નિર્ણય લેવાની ક્ષમતા ધરાવે છે. પશુવત બનવાની કે સંત સમા બનવાની એ બંને સંભાવના માનવીની અંદર જ પડેલી હોય છે. આમાંથી કઈ સંભાવનાને વ્યક્તિ વાસ્તવિક રૂપ આપે છે તે વ્યક્તિએ પોતે કરેલા નિર્ણયો પર આધાર રાખે છે, પરિસ્થિતિઓ પર નહિ."

2. વિધાયક મનોવિજ્ઞાનની વ્યાખ્યા આપો ?

➢ વિધાયક મનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે :

➢ 1. શેલ્ડન અને કિંગ : વિધાયક મનોવિજ્ઞાન એ સામાન્ય માનવ સામર્થ્ય અને સગુણોના વૈજ્ઞાનિક અભ્યાસથી કશું વિશેષ નથી.

➢ 2. ગેબલ અને હેઈટ : વિધાયક મનોવિજ્ઞાન એ વ્યક્તિઓ, જૂથો અને સંસ્થાઓના વિકાસ અથવા મહત્તમ કાર્ય માટે જવાબદાર એવી પરિસ્થિતિઓ અને પ્રક્રિયાઓનો અભ્યાસ છે.

3. સુખ અને સુખાકારીની વ્યાખ્યા આપો ?

➢ સુખ અને સુખાકારીની મનોવૈજ્ઞાનિક ડાઈનરે આપેલી વ્યાખ્યા નીચે પ્રમાણે છે : પોતાના જીવન વિશેના વ્યક્તિનાં ભાવાત્મક અને બોધાત્મક મૂલ્યાંકનોને વ્યક્તિલક્ષી સુખાકારી તરીકે ઓળખી શકાય.

4. વિધાયક-નિષેધક ભાવ માપનતુલામાં જણાવેલ વિધાયક ભાવોની યાદી આપો ?

➢ વિધાયક-નિષેધક ભાવ માપનતુલામાં જણાવેલ વિધાયક ભાવો(છ)ની યાદી આ પ્રમાણે છે :

- ✓ રસવૃત્તિ,
- ✓ ઉત્તેજના,
- ✓ દઢ મનોબળ,
- ✓ ઉત્સાહ,
- ✓ ગૌરવ,
- ✓ સાવચેતી,
- ✓ પ્રેરણા,
- ✓ તનિશ્ચયતા,
- ✓ વિનય અને વિવેક તથા
- ✓ સક્રિયતા.

5. નિષેધક પરિસ્થિતિમાં પુરુષોમાં કયા પ્રકારની સમસ્યાઓ ઉદ્ભવે છે?

- નિષેધક પરિસ્થિતિમાં પુરુષોમાં માદક પદાર્થોનું સેવન, સમાજવિરોધી પ્રવૃત્તિ, અનિયંત્રિત ગુસ્સો અને આક્રમકતા સાથે જોડાયેલી સમસ્યાઓ ઉદ્ભવે છે.

### 6. પરણેલા લોકો કોનાથી વધુ સુખી હોય છે?

- પરણેલી વ્યક્તિઓ અપરિણીત વ્યક્તિ, છૂટાછેડા લેનાર વ્યક્તિ, જીવનસાથીથી અલગ રહેનાર વ્યક્તિ અને જેમના જીવનસાથી મૃત્યુ પામ્યા છે તેવી વ્યક્તિથી વધુ સુખી હોય છે.

### 7. સુખાકારી માટે સુખી લગ્નજીવન વિશે માયર્સ શું કહે છે?

- સુખાકારી માટે સુખી લગ્નજીવન વિશે માયર્સ કહે છે કે, "વ્યક્તિગત સુખાકારીની બાબતમાં ખરાબ લગ્નજીવન એ લગ્નજીવન ન હોવા કરતાંય ખરાબ છે."

### 8. એકવીસમી સદીના પ્રારંભથી મનોવિજ્ઞાનમાં ક્યાં વિધાયક પાસાંનો અભ્યાસ થાય છે?

- એકવીસમી સદીના પ્રારંભથી મનોવિજ્ઞાનમાં સમાજોપયોગી વર્તન, સુખ અને સુખાકારી, ખુશી અને હિંમત, આશાવાદ, સ્વસન્માન, બહિર્મુખતા વગેરે જેવાં વિધાયક પાસાંનો અભ્યાસ થાય છે.

### 9. "સંસ્કૃતિ" એટલે શું?

- સંસ્કૃતિને કોઈ સામાજિક જૂથ કે સમાજ દ્વારા પાળવામાં આવતા સામાજિક નિયમો, ધોરણો, ભૂમિકાઓ અને મૂલ્યોના સંદર્ભમાં દર્શાવવામાં આવે છે.

### 10. સુખાકારી અંગેનાં અમેરિકન સંસ્કૃતિનાં કેન્દ્રિત મૂલ્યો કયાં છે?

- ખુશ રહેવું, વિધાયક મનોવલણ ધરાવવું અને પોતાની જાત માટે સારું અનુભવવું એ સુખાકારી અંગેનાં અમેરિકન સંસ્કૃતિના કેન્દ્રિત મૂલ્યો છે.

### 11. વિધાયક-નિષેધક ભાવ માપનતુલામાં જણાવેલ નિષેધક ભાવોની યાદી આપો.

- વિધાયક-નિષેધક ભાવ માપનતુલામાં જણાવેલ નિષેધક ભાવો(દ્દછ)ની યાદી આ પ્રમાણે છે :
  - ✓ દુ:ખદાયકતા,
  - ✓ વ્યાકુળતા,
  - ✓ દોષભાવ,
  - ✓ ગભરાટ,
    - ✓ વેરભાવ,
    - ✓ ઉશ્કેરાટ,
    - ✓ શરમિંદાપણું,
    - ✓ ખિન્નતા,

- ✓ માનસિક નિર્બળતા અને
- ✓ ભયભીતતા.